# પાઉલ - તિમોથી અભ્યાસનો કેવી રીતે ઉપયોગ કરવો....?

## ચાલો શરુઆત કરીએ

www.paul-Timothy.net. નામની વેબસાઈટ ઉપરથી મુક્તપણે P.T. અભ્યાસને ડાઉન-લૉડ કરો.

**૧. P.T. યુઝર્સ મેનુનો ઉપયોગ કરીને તમારી જરુરીયાતને અનુરુપ અભ્યાસની પસંદગી કેવી રીતે કરવી. ?**

- પાઉલ તિમોથી '' યુઝર્સ મેનુ'' ''કોપી'' કરવા માટે તમારા સંયોજકને જણાવો. અથવા તો ઉપર જણાવેલ વેબસાઈટ ઉપરથી પ્રીન્ટ શકે તેવી કોપી ડાઉનલૉડ કરો.
- સમગ્ર અભ્યાસનો ૧૬ મીનીસ્ટ્રી અંતર્ગત જુથો કરવામાં આવ્યા છે. (પરિચય સહીત) જેમાંથી પ્રત્યેક વિદ્યાર્થી માટે તેની મંડળીની વર્તમાન જરુરીયાતને અનુરુપ અભ્યાસ પસંદ કરો.
- સર્વપ્રથમ જેમાં જરુરીયાતને અનુરુપ અભ્યાસ હોય તેવી મીનીસ્ટ્રી શોધો. ઉદાહરણ તરીકે જો કોઈ વિદ્યાર્થી તેની ભક્તિને વિકસાવવા માંગતો હોય તો Menu ઉપર "Worship" અંતર્ગત સંબંધિત અભ્યાસ શોધો.
- પ્રત્યેક મીનીસ્ટ્રી માટેનાં અભ્યાસને કમ્પ્યુટરમાં અલગથી સ્ટોર કરો જેથી કરીને તમે તેને સહેલાઈથી તારવી શકો.

**૨. વિવિધ વિષયો માટેનાં અભ્યાસનાં સેટ સહિત '' યુઝર્સ મેનુ'' માંની મીનીસ્ટ્રી.**

- પ્રત્યેક મીનીસ્ટ્રીમાં વિવિધ વિષયો છે. ઉદા. તરીકે ''Worship'' મીનીસ્ટ્રીમાં ઈસુ ખ્રિસ્તનાં પુનરુત્થાનની ઉજવણી વિશે તથા એવા જ ભક્તિનાં અન્ય પાસાંઓ વિશેના સેટ છે.
- દરેક સેટમાં પાળકો તેમજ બાળકો માટે અભ્યાસ છે. બંન્ને અભ્યાસમાં સરખો વિષય છે. આ બાબતથી પુખ્તો પાસેથી બાળકો બાઈબલની વાર્તા શીખે. તે પહેલાં જ તૈયાર થઈ શકે છે. તથા તેઓ ભક્તિનાં સમય દરમ્યાન બાઈબલની વાર્તા ઉપર અભિનય પણ કરી શકે છે.
- પાળકો માટેનાં અભ્યાસનાં મથાળે ''Shepherd'' શબ્દ લખવામાં આવ્યો છે. તેમનાં અભ્યાસનો આંક ''A'' અક્ષરથી પૂરો થાય છે. ઉદા. તરીકે ''A L a''
- બાળકો માટેનાં અભ્યાસના મથાળે ''Children'' શબ્દ લખવામાં આવ્યો છે. અને તેનો આંક ''B'' અક્ષરથી પૂરો થાય છે. ઉદા. તરીકે ''A L b''.
- કેટલાક સેટમાં વિષય અંગે વધારાની માહિતી ધરાવતા પૂરક અભ્યાસ પણ આપવામાં આવ્યા છે. આ અભ્યાસનાં અંતે અક્ષર ''C, D'' અથવા E મૂકવામાં આવ્યા છે.
- પાળકો માટેનો નવો અભ્યાસ તેમને આગામી સપ્તાહની ભક્તિ તથા પ્રવૃતિ વિશેનું આયોજન કરવામાં મદદ કરે છે.

**૩. '' ચાલો શરુ કરીએ'' અભ્યાસોનો ઉપયોગ કરી P.T આગેવાન તાલીમનો આરંભ કરો.**

- **તાલીમાર્થીઓ** www.paul-Timothy.net. અભ્યાસ ક્રમાંક AOF નામે નવી પાળકીય તાલીમ માટે માર્ગદર્શીકાનો ઉપયોગ કરે.
- **પાળકીય વિદ્યાર્થીઓ** ''New Shepherds Being Trained'' ક્રમાંક Aoa માટેની માર્ગદર્શીકાનો ઉપયોગ કરે.
- ''New Shepherds Being Trained'' નાં તમામ અભ્યાસ અંતે "a" અક્ષર ધરાવે છે.
- **બાળકોના શિક્ષકો** "Children Teacher's" ક્રમાંક ''A o b'' માટેની માર્ગદર્શીકાનો ઉપયોગ કરે.
- **બાળકોના તમામ અભ્યાસનાં અંતે** ''b'' અક્ષર છે.
- **ભક્તિસભાનાં આગેવાનો ક્રમાંક** ''Aoe'' અંતર્ગત માર્ગદર્શિકાનો ઉપયોગ કરશે.

"New Shepherds Being Trained" માટે માર્ગદર્શીકા (તાલીમ લઈ રહેલા નવા પાળકો માટે માર્ગદર્શીકા)